**પ્રધાનમંત્રીએ માલદીવની સ્વતંત્રતાના 60મા વર્ષગાંઠ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે ભાગ લીધો (26 જુલાઈ, 2025)**

26 જુલાઈ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પોતાની માલે યાત્રા દરમિયાન આજે માલદીવની સ્વતંત્રતાના 60મા વર્ષગાંઠ સમારંભ દરમિયાન 'અતિથિ વિશેષ' તરીકે ભાગ લીધો. આ પહેલો પ્રસંગ છે જ્યારે ભારતીય પ્રધાનમંત્રીએ માલદીવમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લીધો.  પ્રધાનમંત્રી મોદી રાષ્ટ્રપતિ મુઇઝ્ઝૂ દ્વારા આમંત્રિત રાષ્ટ્રાધ્યક્ષ અથવા શાસનાધ્યક્ષ સ્તરના પ્રથમ વિદેશી નેતા પણ છે.

2. પ્રધાનમંત્રીએ માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝ્ઝૂ સાથે રિપબ્લિક સ્ક્વેરમાં સ્વતંત્રતા દિવસની પરેડ નિહાળી. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ માલદીવના લોકો અને સરકારને હાર્દિક શુભેચ્છાઓ આપી હતી. સમારંભમાં માલદીવનાં રાષ્ટ્રીય સુરક્ષા બળો અને અન્ય સ્થાનિક એકમો દ્વારા એક જીવંત પરેડનું આયોજન કરવામાં આવ્યું, સાથે-સાથે સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ પણ રજૂ કરવામાં આવી, જેમાં એક આધુનિક રાષ્ટ્ર તરીકે માલદીવની ઉપલબ્ધિઓ દર્શાવવામાં આવી.

3. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ મુઇઝ્ઝૂ અને માલદીવના લોકોનો તેમના સાદર આમંત્રણ બદલ આભાર માન્યો. સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં 'અતિથિ વિશેષ' તરીકે તેમની ભાગીદારી બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં એક માઇલસ્ટોન ચિહ્નિત કરે છે. વર્ષ 2025 માં ભારત અને માલદીવ વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાના 60 વર્ષ પણ પૂર્ણ થશે.

માલે

26 જુલાઈ, 2025